ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# શહેરમાં હોળીદહન માટે ૨૦ હજાર મણ લાકડા હોમાશે

## સેકટરોમાં ૧૫૦ જેટલા સ્થળોએ હોળી દહન : ઈકો ફ્રેન્ડલી હોળી મનાવવા પ્રકૃતિ પ્રેમીઓની અપીલ

ગાંધીનગર, તા.૨૫

હરિયાળી ગુમાવતા ગાંધીનગરમાં હોળી દહન માટે ૨૦ હજાર મણ લાકડા બાળવામાં આવશે. શહેરમાં આશરે ૧૫૦ જેટલા સ્થળોએ હોળી પ્રગટાવાય છે. વનવિભાગ દ્વારા હોળીના લાકડા માટે પ્રતિ કવિન્ટલ દીઠ રૂ. ૧૧૦ વસુલવામાં આવે છે. નગરજનોને પર્યાવરણ બચાવોના અભિગમ સાથે પર્વને ઈકો ફ્રેન્ડલી બનાવવો જોઈએ તેવો સૂર પણ પ્રકૃતિ પ્રેમીઓમાં ઉઠવા પામ્યો છે.

વિકાસના નવતર અભિગમ સાથે હાઈટેક બનતા ગાંધીનગરમાં વૃક્ષછેદનની પ્રવૃત્તિ વધી છે. જેના પરિણામે ગ્રીનસીટી બેરનસીટી બનવા તરફ હોવાનો પ્રબળ આક્રોશ પ્રર્વત્યો

## હોળી નિમિત્તે દાહોદ-ઝાલોદ રૂટ પર ૫૪ બસો દોડાવી

### ડેપોએ ત્રણ દિવસમાં અંદાજિત ૪ લાખની આવક કરી

ગાંધીનગર, તા. ૨૫

રંગોના પર્વ હોળી-ધૂળેટી નિમિત્તે પંચમહાલ તરફના મુસાફરોને સમયસર યોગ્ય બસ સુવિધા પુરી પાડવા ગાંધીનગર ડેપો દ્વારા છેલ્લા ત્રણ દિવસમાં દાહોદ, બારીયા અને ઝાલોદ રૂટની ૫૪ બસો દોડાવવામાં આવી હતી. વધારાની ટ્રીપોના લીધે ડેપોને અંદાજિત રૂ. ૪ લાખની આવક થઈ છે.

હોળીના પર્વ દરમિયાન પંચમહાલ તરફના વિસ્તારમાં જવા માટે ટ્રાફિક વધી જાય છે. ગાંધીનગરમાંથી પણ આ વિસ્તારમાં જવા માટે મુસાફરોની સંખ્યા વિશેષ રહેતા ડેપો કક્ષાએથી પ્રતિ વર્ષ હોળીના પર્વ દરમિયાન ખાસ બસ વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. જેને અનુલક્ષી તા. ૨૩ થી ૨૫ માર્ચ દરમિયાન ડેપો દ્વારા ૫૪ જેટલી બસોને પંચમહાલ વિસ્તાર માટે ખાસ મુકવામાં આવી હતી. એસ.ટી. નિગમ દ્વારા દાહોદ, બારીયા, ઝાલોદ માટે વધારાની ટ્રીપો લગાવવામાં આવી હતી. શહેરમાં કામ કરતા શ્રમજીવીઓ હોળીના પર્વ દરમિયાન પોતાના વતનમાં જતા હોવાથી તેમને યોગ્ય વાહનસુવિધા મળી રહે તે મુજબનુ આયોજન કરવામાં આવ્યું હોવાનું પણ ડેપો મેનેજરે જણાવ્યું છે. ડેપોથી પંચમહાલ વિસ્તાર માટે ખાસ બસ વ્યવસ્થા અન્વયે નિગમને અંદાજિત રૂ. ૪ લાખની આવક થઈ હોવાનું પણ ધ્યાને આવ્યું છે.



## હોળી ટાણે કોન્ટ્રાક્ટરોમાં કકળાટ ગ્રાન્ટના અભાવે કાવડીયા મળ્યા નથી

### કેટલાક કોન્ટ્રાક્ટરે વ્યાજે પૈસા લઈ મજુરોને ચુકવવાની નોબત આવી !

ગાંધીનગર, તા. ૨૫

હોળીના રંગીન પર્વ ટાણે પાટનગર યોજના ભવનના કોન્ટ્રાક્ટરો ગમગીન બની ગયા છે. સરકાર કક્ષાએથી વિભાગને ગ્રાન્ટ ન ફળવાતા કોન્ટ્રાક્ટરોના નાણાં ફસાયા છે. તહેવાર ટાણે જ કોન્ટ્રાક્ટરોને પૈસા ન ચુકવાતા મજુરોની હાલત પણ કફોડી થઈ હોવાનો આક્રોશ ભભૂક્યો છે. સરકારી કામ કરતા કોન્ટ્રાક્ટરોએ મજૂરોને વ્યાજે પૈસા લઈ ચુકવવાનો વારો આવ્યો છે. કોન્ટ્રાક્ટરોને સમયસર કાવડીયા ન ચુકવાતા કકળાટ પ્રવર્ત્યો છે.

પાટનગરમાં વિકાસના અનેકવિધ કામો હાથ ધરાતા નગરનો સિનારીયો અટવાઈ રહ્યો છે. અસ્તિત્વમાં આવતી ઉંચી ઈમારતો અને ચકચકાટ સડકો, ઉપરાંત શહેરના સરકારી મકાનોના મજબુતીકરણ સહિતના અનેક નાના-મોટા કામો તબક્કાવાર હાથ ધરવામાં આવે છે. શહેરને પાણી-ગટર સહિતની પાયાની સુવિધાઓ પુરી પાડવાની જવાબદારી જેના શીરે છે તેવા પાટનગર યોજના ભવન દ્વારા નવીન વિકાસ કામોને વેગ આપવામાં આવે છે. ટેન્ડરપ્રક્રિયાના આધારે ખાનગી એજન્સી નક્કી કરી સંબંધિત કામ સોંપાય છે. પરંતુ નાણાં ખર્ચીને કામ ચલાવતા કોન્ટ્રાક્ટરોને પોતાની રકમ સમયસર ન મળતા ઘણીવાર કોન્ટ્રાક્ટર લોબીએ મુંઝવણમાં મુકાવવાનો વારો આવે

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર વીજમથકમાં પ્રતિ મેટ્રીકટન કોલસો રૂ. ૧૯૧૩ના દરે પડી રહ્યો છે : ઊર્જામંત્રી

### રેલવે પરિવહન ખર્ચ ઘટે તે માટે ૨૦૧૨માં ૨૩ પત્રો લખવામાં આવ્યા છે

વિધાનસભામાં ગાંધીનગર

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર વીજમથકમાં આવતા કોલસાનું ભાડુ કેટલુ તેવા ભાજપના શ્રી અશોક પટેલે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ઊર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું છે કે જીસેક હસ્તકના આ વીજમથક માટે વર્ષ ૨૦૧૧-૧૨માં પ્રતિ મેટ્રીકટન રૂ. ૧૩૭૮ અને વર્ષ ૨૦૧૨-૧૩માં ૩૧-૧-૧૩ની સ્થિતિએ રૂ. ૧૯૧૩નો ખર્ચ પ્રતિ મેટ્રીકટન કોલસો મેળવવા માટે કરાયો છે.

તેમણે શ્રી પટેલના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે રેલવે પરિવહન ખર્ચ કોલસા માટેનો ઓછો આવે તે સારૂ રેલવે પરિવહન દરોમાં ઘટતા, ગુણવત્તા યુક્ત કોલસો ફાળવવા તેમજ રાજ્યને નજીકની ક્વોરીમાંથી કોલસો ફાળવવા કેન્દ્રમાં રજુઆતો કરવામાં આવી છે.

મંત્રીશ્રીએ વિગતો આપતાં એમ પણ જણાવ્યું છે કે મુખ્યમંત્રી શ્રી કક્ષાએથી વડાપ્રધાનશ્રીને તેમજ રાજ્યકક્ષાના મંત્રીશ્રી કેન્દ્રના સંબંધિત અધિકારીઓને પત્રો પાઠવી રજુઆતો કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૨માં ૨૩ પત્રો લખી આ અંગે રજુઆતો કરવામાં આવી હોવાનું પણ તેમણે જણાવ્યું છે.

**● સાબરમતી નદીમાં લીઝ**

કોંગ્રેસના શ્રી મહેન્દ્રસિંહ બારૈયાએ સાબરમતી નદીમાં રેતીની લીઝો અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં ખાણ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩૧-૧-૧૩ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તેમજ ગાંધીનગર જિલ્લાની હદમાં ૧૪૫ જેટલી રેતી લીઝોની પરવાનગી આપવામાં આવી છે.

તેમણે સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે છેલ્લા બે વર્ષમાં રૂ. ૧૯.૯૧ કરોડની રોયલ્ટી સરકારને મળી છે.

તેમણે અન્ય પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુંછે કે જે લીઝોની મુદત પુરી થઈ ગઈ હોય તેવી ૬ લીઝોની પરવાનગી પણ રદ કરી દેવામાં આવી છે.

## જાહેર હરાજી

[illegible]

## શહેર-જિલ્લામાં સ્વાઈન ફલુ અંગે સઘન જનજાગૃત્તિ અભિયાન યોજવા તંત્રને તાકીદ

### જિલ્લા કલેક્ટરે આજે આરોગ્યતંત્રના અધિકારીઓ સાથે પરિસ્થિતિની સમીક્ષા કરી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેર અને જિલ્લામાં વધતા જતા સ્વાઈન ફ્લુના કેસોને લઈ જનજાગૃત્તિ અભિયાન સઘન બનાવવા માટે આરોગ્ય તંત્રને કડક તાકીદ કરતાં જિલ્લા કલેક્ટરશ્રી પી. સ્વરૂપે આજે તંત્રને આરોગ્ય સેવાઓના સઘનીકરણ પર પણ ભાર મુક્યો હતો.

આજે સાંજે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લાના આરોગ્ય અધિકારીઓ સાથે યોજાયેલી બેઠકમાં કલેક્ટરશ્રીએ સ્વાઈન ફ્લુના વધતા જતા કેસો અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે લોકોમાં આ રોગને લઈ ભયની લાગણી દૂર થાય તે માટે અસરકારક જનજાગૃતિ અભિયાનની આવશ્યકતા પર વિશેષ ભાર મુક્યો હતો.

જિલ્લા કલેક્ટરશ્રીએ ખાસ કરીને શાળાઓ, મહાશાળાઓ, ધાર્મિક સ્થળો પર જ્યાં લોકો મોટી સંખ્યામાં એકત્ર થતા હોય છે ત્યાં આ અંગે જનજાગૃતિ અભિયાનના બેનરો મુકવા જોઈએ એટલુ જ નહિ લોકોને મળી અને તેની જાણકારી આપવી જોઈએ.

તેમણે જણાવ્યું હતું કે સ્વાઈન ફ્લુના પ્રાથમિક લક્ષણો દેખાય

● અનુસંધાન પાન-૭ પર




## એનએસયુઆઈના સિનિયર મહામંત્રી પદે અંકિત બારોટ, જિલ્લા પ્રમુખ પદે રાજદીપસિંહ ગોલ

ગાંધીનગર, તા. ૨૫



એનએસયુઆઈ નેશનલ ઈલેક્શન કમિશન દ્વારા તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં ગાંધીનગરના અંકિત બારોટ ગુજરાત પ્રદેશ એનએસયુઆઈના સિનિયર મહામંત્રીના પદ ઉપર જંગી બહુમતીથી ચુંટાઈ આવ્યા છે. અંકિત બારોટને ૬૭૦ મતોની જંગી સરસાઈ મળી હતી. જ્યારે ગાંધીનગર જિલ્લાના પ્રમુખપદે રાજદીપસિંહ ગોલ ચુંટાઈ આવ્યા છે. કોંગ્રેસના અગ્રણીઓ સર્વશ્રી જશુભા રાણા, મુકેશ પટેલ, સી.જે. ચાવડા, નિશીથભાઈ વ્યાસ, યુસુફભાઈ પરમાર, જયદીપભાઈ ઠાકોર, વિજયસિંહ વાઘેલા તેમજ શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના આગેવાનોએ અંકિત બારોટ તેમજ રાજદીપસિંહ ગોલને શુભેચ્છા આપી છે.

ધી ધાનેરા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., ધાનેરા

ગંજબજાર, ધાનેરા ● ફોન : ૦૨૭૪૮-૨૨૨-૭૭, ૨૨૨૧૩૨

| | | |
|---|---|---|
| શેર ભંડોળ | : | ૯૬૬૧૪૦ |
| રીઝર્વ ફંડ | : | ૯૮,૮૫,૭૬૨ |
| અન્ય ફંડ | : | ૧,૯૯,૨૩,૭૮૯ |

સંસ્થા ખાતર, બિયારણ, જંતુનાશક દવા તથા સરકારી યોજનાની કામગીરી તેમજ ગુજકો - નાફેડ વતી ખરીદીનું કામકાજ કરે છે. જેનો ખેડૂત ભાઈઓને લાભ લેવા વિનંતી

પટેલ ભાવાભાઈ ધરમાભાઈ
ચેરમેન

દેવડા બળવતસિંહ સૂરતસિંહ
વાઈસ ચેરમેન

પટેલ માસુંગભાઈ ઉકાભાઈ
મેનેજર

તથા કમિટી સભ્યશ્રી તથા સ્ટાફ ગણ

ધી ધાનેરા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., મુ. ધાનેરા

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com